# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/208 Dt. 11/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'પ્રકૃતિ– આયુષ કોન્કલેવ ૨૦૨૫' યોજાયો

## વિશ્વ કલ્યાણ માટે પ્રકૃતિનું ધ્યાન રાખો અને તેનું જતન કરો : લોકસભા સાંસદ શ્રી પરશોત્તમભાઇ રૂપાલાજીએ ઓનલાઇન જોડાઇને સંદેશો આપ્યો

## લોકોએ ભૌતિક શિક્ષાની સાથે સાથે શારીરિક શિક્ષા પર પણ ધ્યાન આપવાની જરૂર છે, અધ્યાત્મ અને ભૌતિકતાની વચ્ચે સંતુલન લાવવું પડશે : આચાર્ય ડો. લોકેશ મુનિજી

## મનુષ્યએ રોગી નહીં પણ કર્મયોગી અને ભકતયોગી બનવું જોઇએ, ધ્યાન સાધનાથી કોઇપણ સંકલ્પશકિત પ્રાપ્ત કરી શકાય છે : સ્વામી શ્રી અશોકાનંદજી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રકૃતિ આધારિત જીવનશૈલી, આયુર્વેદ અને વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી મંગળવાર, તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'પ્રકૃતિ– આયુષ કોન્કલેવ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોન્કલેવમાં મુખ્ય મહેમાન તરીકે લોકસભા સાંસદ શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજી ઓનલાઇન જોડાયા હતા અને તેમણે કાર્યક્રમ માટે ચેમ્બર ઓફ કોમર્સને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વ કલ્યાણ માટે પ્રકૃતિનું ધ્યાન રાખો અને તેનું જતન કરો.

અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક આચાર્ય ડો. લોકેશ મુનીએ અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. જ્યારે અતિથિ વકતા તરીકે હરીદ્વારના શ્રી ભાગીરથી ધામ અને શ્રી ક્રિષ્ણયન ગૌરક્ષા શાળાના વડા સ્વામી શ્રી અશોકાનંદજી (અમૃત પ્રકાશજી)એ ધ્યાન અને યોગ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના કાર્યવાહક પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં તણાવભર્યા જીવન વચ્ચે પ્રકૃતિ સાથે જોડાવું અત્યંત જરૂરી બની ગયું છે. આ કોન્કલેવના માધ્યમથી સમાજમાં હેલ્થી લિવિંગ, નેચરલ હીલિંગ અને આયુષ આધારિત થેરાપી વિશે જાગૃતિ ફેલાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આપણા દેશની પ્રાચીન આરોગ્ય પરંપરા આયુર્વેદ અને યોગ દ્વારા આરોગ્ય, અધ્યાત્મ અને પ્રકૃતિ વચ્ચે સુમેળ સ્થાપિત કરવાનો હતો.

આચાર્ય ડો. લોકેશ મુનીએ જણાવ્યું હતું કે, માનવીને મનુષ્ય શરીર મળ્યું છે, તેનો ઉપયોગ સારા ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે કરવો જોઇએ. અત્યારે લોકો માત્ર અર્થ અને કામની પાછળ દોડી રહયા છે. તેઓએ ધર્મ અને મોક્ષને બાજુએ મૂકી દીધા છે. લોકોએ અધ્યાત્મ અને ભૌતિકતાની વચ્ચે સંતુલન લાવવું પડશે. એના માટે લોકોએ ધ્યાન અને યોગ કરવા પડશે. લોકોએ પ્રકૃતિનું સન્માન કરવાનું શીખવું પડશે. લોકો ભૌતિક શિક્ષા પર ધ્યાન આપે છે ત્યારે તેઓએ શારીરિક શિક્ષા પર પણ ધ્યાન આપવાની જરૂર છે.

સ્વામી શ્રી અશોકાનંદજીએ જણાવ્યું હતું કે, માત્ર મનુષ્ય શરીરથી જ સાધના કરી શકાય છે. આધ્યાત્મિક ચેતનાથી પરમાત્માને પ્રાપ્ત કરી શકાય છે. ધ્યાનથી સાધના અને સાધનાના માધ્યમથી સિદ્ધી પ્રાપ્ત થાય છે. આજ્ઞા ચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી સાતેય ચક્ર એકટીવ થઇ જાય છે. ધ્યાનની સાધનાથી સંકલ્પ શકિત પ્રાપ્ત કરી શકાય છે. ધ્યાનથી ઉર્જા પ્રાપ્ત થાય છે, આથી તેઓએ બધાને સવાર – સાંજ ધ્યાન કરવાની સલાહ આપી હતી. તેમણે કહયું કે, આજના યુગમાં મનુષ્યનું શરીર રોગી બનતું જાય છે, જેથી મનુષ્યએ રોગી નહીં પણ યોગી બનવું જોઇએ. મનુષ્ય એ કર્મયોગી પણ બની શકે છે અને ભકતયોગી પણ બની શકે છે.

શાકુંત આશ્રમના ડિરેકટર સુશ્રી કવિતા ગુપ્તાએ સાઉન્ડ થેરપી સંદર્ભે વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરની આયુષ કમિટીના ચેરપર્સન ડો. મન્શાલીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ડો. મન્શાલીએ પ્રકૃતિ– આયુષ કોન્કલેવનો કોન્સેપ્ટ બનાવ્યો હતો અને આ કોન્સેપ્ટને લોકો સુધી પહોંચાડવા માટે એમનો સિંહફાળો રહયો હતો. આ કાર્યક્રમની સફળતા માટે હોલિસ્ટીક મેડિસીન રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા તેમને ફાઉન્ડેશનના લાઇફ મેમ્બર બનાવવામાં આવ્યા હતા. ડો. મન્શાલીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને સ્વસ્થ જીવન જીવવું એ જ સાચા અર્થમાં આયુષનો મંત્ર છે.

રાષ્ટ્ર ગૌરવ એવોર્ડી પ્રોફેસર ડો. દીપક રાઉતે ૧૧/૧૧ ના દિવસે ૧૧:૧૧ કલાકે મેનીફેસ્ટેશન ગ્લોબલ કોન્શીયનેસ વિષે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે રાષ્ટ્ર ગૌરવ એવોર્ડી શ્રી ચિરાગ ગજ્જરે કોન્કલેવમાં ઉપસ્થિત ૭૦૦થી વધુ વ્યકિતઓને ઓરા કલીનિંગ અને ૭ ચક્રાસ બેલેન્સીંગ કરાવ્યું હતું.

ચેમ્બર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સરસાણા સ્થિત પ્લેટીનમ હોલમાં એકજ સ્થળે વધુમાં વધુ વ્યકિતઓને આ અનોખી પ્રવૃત્તિ દ્વારા રેકી હિલીંગ કરાવવા માટે વર્લ્ડ રેકોર્ડ ઓફ એકસલન્સ– ઈંગ્લેન્ડ દ્વારા ડો. ચિરાગ ગજ્જરને વર્લ્ડ રેકોર્ડનું પ્રોવિઝનલ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શ્રી સાઇ યોગ એન્ડ રેકી હિલીંગ સેન્ટર– સુરતને સિફા બુક ઓફ રેકોર્ડ્સ ઇન્ટરનેશનલ સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યું હતું.

આ કોન્કલેવ અંતર્ગત ર૦થી વધુ સ્ટોલ ધરાવતું મેગા એકઝીબીશન પણ યોજાયું હતું, જેમાં આયુષ પ્રોડક્ટ્સ, હર્બલ વેલનેસ, નેચરલ લાઇફસ્ટાઇલ, હેલ્થકેર ઈનોવેશન અને હર્બલ પ્રોડકટસનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના સભ્યો અને નાગરિકો મળી ૭૦૦થી વધુ વ્યકિતઓ કોન્કલેવમાં ઉપસ્થિત રહયા હતા. ગૃપ ચેરમેન ડો. વિજય રાદડીયા અને આયુષ કમિટીના કો–ચેરમેન ડો. નિપેશ પટેલે મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષના પરિચય આપ્યા હતા. આયુષ કમિટીના કો–ચેરપર્સન ડો. પારૂલ પટેલે કાર્યક્રમના અંતે કન્કલુડીંગ રિમાર્કસ આપ્યા હતા. આયુષ કમિટીના ડો. વિશાલ શાહ અને ડો. શિલ્પા અગ્રવાલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.